
# નકલી આધાર-લાઈસન્સનું કૌભાંડ

**અંકલેશ્વરના** મોતાલી ગામની ગીરીરાજ સોસાયટીમાં પોલીસનો દરોડો, ૨૨ વર્ષીય યુવક ઝડપાયો

**કોમ્પ્યુટર,** નકલી દસ્તાવેજોની પ્રિન્ટ સહિતનો મુદ્દામાલ કબજે કરાયો




અંકલેશ્વર: અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં નકલી આધારકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ અને જન્મના દાખલા સહિતના દસ્તાવેજો તૈયાર કરી આપવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. પોલીસે મોતાલી ગામની ગીરીરાજ સોસાયટીમાં દરોડો પાડી ૨૨ વર્ષીય યુવકને ઝડપી પાડ્યો હતો.

પોલીસ ફરિયાદ મુજબ અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે મોતાલી ગામની સીમમાં નેશનલ હાઈવે નં.૪૮ નજીક આવેલી ગીરીરાજ સોસાયટીના મકાન નં. ૧૯૯માં વિપુલ ઉપેન્દ્રકુમાર પાઠક (ઉં.વ.૨૨) કોમ્પ્યુટર મારફતે નકલી દસ્તાવેજો બનાવી આપતો હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી સ્થળ પર તપાસ કરતાં વિપુલ પાઠક કોમ્પ્યુટર પર કામ કરતો મળી આવ્યો હતો. મકાનની તપાસ દરમિયાન અલગ-અલગ વ્યક્તિઓના આધારકાર્ડ, જન્મના દાખલાની પ્રિન્ટો તથા આધારકાર્ડના સ્માર્ટ કાર્ડ સહિતની સામગ્રી મળી આવી હતી.

આ કામગીરીને અસલી દેખાડવા માટે થમ્બ ઈમ્પ્રેશન મશીન પણ રાખવામાં આવ્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

ગેરકાયદે રીતે દસ્તાવેજો તૈયાર કરીને તેમાંથી કમાણી થતી હોવાનું પણ આરોપીએ જણાવ્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પોલીસે આરોપી વિરુદ્ધ બનાવટી દસ્તાવેજો તૈયાર કરી તેનો સાચા તરીકે ઉપયોગ કરવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સમગ્ર મામલે અન્ય કોઈ વ્યક્તિઓ સંડોવાયેલા છે કે કેમ તથા બનાવટી દસ્તાવેજો કોને-કોને બનાવી આપવામાં આવ્યા હતા તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

### પહેલા લોકોને મદદ કરતો હતો, પછી જાતે જ ધંધો શરૂ કરવાનો આઇડિયા આવ્યો

પોલીસ તપાસ અને ફરિયાદની વિગતો અનુસાર આરોપી અગાઉ નાગરિકોને આધારકાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ તેમજ જન્મના દાખલા કઢાવવાની પ્રક્રિયામાં મદદ કરતો હતો. આ કામગીરી દરમિયાન જ તેને સરકારી દસ્તાવેજોની ડુપ્લિકેટ નકલો બનાવવાનો વિચાર આવ્યો હતો. તપાસમાં ખુલાસો થયો છે કે આરોપી 'VLE PRINT.SITE' નામની વેબસાઇટનો ગેરકાયદેસર ઉપયોગ કરીને આધારકાર્ડમાં સુધારા-વધારા તેમજ બોગસ દસ્તાવેજો તૈયાર કરવાનું કામ કરતો હતો. પોલીસે આરોપી સામે કાયદેસરની ફરિયાદ નોંધીને ગુનાહિત પ્રવૃત્તિનો પર્દાફાશ કર્યો છે. આ સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરીને નેટવર્કની ઊંડાણપૂર્વક પૂછપરછ શરૂ કરી છે.

## ભરૂચમાં સતત બીજા દિવસે વધુ એક જર્જરિત મકાનનો ભાગ ધરાશાયી



■ ભરૂચ: ભરૂચ શહેરના નવાડેરા નજીક દાજી કલ્યાણની ખડકી વિસ્તારમાં મધરાતે એક જર્જરિત મકાનનો ભાગ અચાનક તૂટી પડ્યો હતો. નિકોરાની ગોઝારી ઘટનાના બીજા દિવસે રાત્રિના લગભગ 12 વાગ્યાની આસપાસ આ બનાવ બનતાં આસપાસના વિસ્તારમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. સ્થાનિક લોકોના કહેવા મુજબ, આ મકાન લાંબા સમયથી ખૂબ જ જૂનું અને ખરાબ હાલતમાં હતું, જેના કારણે તે જોખમી બની રહ્યું હતું. મકાન તૂટી પડતાં તેનો કાટમાળ રસ્તા પર અને આસપાસના વિસ્તારમાં ફેલાઈ ગયો હતો. સદનસીબે, આ ઘટના રાત્રે બની હોવાથી કોઈ જાનહાનિ ટળી હતી. હવે સવાલો ઊઠી રહ્યા છે કે તંત્રએ આ જર્જરિત મકાન અંગે અગાઉ કોઈ નોટિસ આપી હતી કે નહીં. જો નોટિસ આપી હોય તો તેનું પાલન કેમ ન થયું. સ્થાનિક લોકો માંગ કરી રહ્યા છે કે શહેરમાં હજુ પણ આવા જોખમી અને જર્જરિત મકાનો હોય તો તંત્ર દ્વારા સમયસર સરવે કરવામાં આવે તેમજ આવા મકાનો સામે જરૂરી પગલાં લેવામાં આવે.

## સંક્ષિપ્ત સમાચાર

### વિશ્વ ઓઝોન દિવસ નિમિત્તે કડોદરા ખાતે વૃક્ષારોપણ



ભરૂચ: વિશ્વ ઓઝોન દિવસ નિમિત્તે "સેવા મેરા યોગદાન-2026" અભિયાન અંતર્ગત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB), ભરૂચના પ્રાદેશિક અધિકારી કે.એમ.વાઘમશી તથા GPCB, ભરૂચના લેબ હેડ રિદ્ધિ એન. કિરીએ સુપરફોર્મ કેમિસ્ટ્રીઝ લિમિટેડ કડોદરાની મુલાકાત લીધી હતી, જેમાં કંપની પરિસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. GPCB અધિકારીઓ તથા કંપનીના પ્રતિનિધિઓએ વૃક્ષારોપણ કર્યું હતું. મુલાકાત દરમિયાન કંપની પર્યાવરણની જાળવણી માટે લઈ રહેલા વિવિધ પ્રયાસોની પ્રશંસા કરવામાં આવી હતી. તેમણે કંપનીના સમગ્ર પરિસરની મુલાકાત લઈ પ્રદૂષણ નિયંત્રણ માટે કરવામાં આવેલી વ્યવસ્થાઓ, પ્રદૂષિત પાણી/કન્ટામિનેટેડ વોટર સ્ટોર્મ વોટર ડ્રેનમાં ન જાય તે માટેની વ્યવસ્થા તથા પર્યાવરણ સંરક્ષણ માટેની વિવિધ પ્રણાલીઓનું નિરીક્ષણ કર્યું હતું. કંપની દ્વારા નિર્ધારિત ટકાઉપણાના લક્ષ્યાંકો તથા ટકાઉ વિકાસ તરફ કરવામાં આવી રહેલા પ્રયાસોની ભૂમિકા આવકારી હતી. વિશ્વ ઓઝોન દિવસ અને "સેવા મેરા યોગદાન-2026" અભિયાન અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમ દ્વારા પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષારોપણ અને ટકાઉ વિકાસમાં સૌના યોગદાનનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું હતું.

### ભાંડુતની દીકરીએ બોક્સિંગમાં સિલ્વર મેડલ મેળવ્યો




જયેશ પટેલ

સાયણ: ઓલપાડના ભાંડુત ગામની દીકરી શ્વેતા પટેલે બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરી સિલ્વર મેડલ પ્રાપ્ત કરીને સમસ્ત ભાંડુત ગામ અને ઓલપાડ તાલુકા સહિત સમગ્ર સુરત જિલ્લાનું નામ રોશન કર્યું છે. શ્વેતા ભાંડુત ગામના રહેવાસી રમેશભાઈ લલ્લુભાઈ પટેલની દીકરી છે. ગામના ડેપ્યુટી સરપંચ તથા જિલ્લા પંચાયતના સદસ્ય હેમંતભાઈ પટેલ દ્વારા શ્વેતાને અભિનંદન સહ ભવિષ્યમાં વધુ સિદ્ધિઓ હાંસલ કરે તેવી શુભકામના પાઠવવામાં આવી હતી.

### નેત્રંગ વીજ કંપનીના કર્મચારીની બઢતી સાથે બદલી



પ્રદીપ ગુર્જર

નેત્રંગ: દક્ષિણ ગુજરાત વીજ કંપની (DGVCL) ની નેત્રંગ કચેરીમાં છેલ્લાં ૧૦ વર્ષથી આસિસ્ટન્ટ લાઇનમેન તરીકે નિષ્ઠાપૂર્વક સેવા આપતા અશોકભાઈ તણસીભાઈ તડવીની લાઇનમેન તરીકે બઢતી સાથે ઝઘડિયા ખાતે બદલી થતાં તા.૨૧ના રોજ વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે નેત્રંગ તાલુકા ભાજપ પ્રમુખ અને નેત્રંગ વિભાગ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ઉપપ્રમુખ મનસુખભાઈ વસાવા તથા ચાસવડ વિભાગના ખેડૂત અગ્રણી અને ચાસવડ ડેરીના કમિટી સભ્ય મુકેશભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સહકર્મચારીઓ અને આગેવાનોએ અશોકભાઈને શાલ ઓઢાડી તથા મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કર્યા હતા. આ તકે અશોકભાઈએ તેમની ફરજ દરમિયાન સહકર્મચારીઓ, ખેડૂતો અને સ્થાનિક જનતા તરફથી મળેલા સાથ-સહકાર બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

### અંકલેશ્વરમાં બે ફર્નિચરનાં ગોડાઉન અને 3 દુકાનનું ડિમોલિશન કરાયું



સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરમાં રહેણાક વિસ્તારમાં ધંધાદારી ગેરકાયદે ઊભાં કરાયેલાં બે ફર્નિચરનાં ગોડાઉન અને 3 દુકાન પર બૌડાની ટીમે ત્રાટકી બાંધકામ દૂર કર્યાં હતાં. જેના પગલે દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો હતો. અંકલેશ્વરમાં પીરામણ નાકા અને બ્રિજ નગરમાં રહેણાક વિસ્તારમાં પરવાનગી વગર ગેરકાયદે ઊભાં કરાયેલાં કોમર્શિયલ બાંધકામો પર મંગળવારે ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તા મંડળે ગાજ વરસાવી હતી. બંને સ્થળે ગેરકાયદે બાંધકામ ઊભાં કરી ચાલતી વ્યવસાયિક પ્રવૃત્તિ પર બૌડાની ટીમ, અધિકારીઓ અને પોલીસ સાથે ત્રાટકી હતી. પીરામણ નાકા વિસ્તારમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ઊભી કરાયેલી 3 દુકાન અને ઉપર ચાલતા ફર્નિચરના ગોડાઉનને સીલ મારી દેવાયું હતું. સાથે જ વધારાનું બાંધકામ જેસીબીથી તોડી પડાયું હતું. જ્યારે બ્રિજ નગર પાસે પણ નીલમ ફર્નિચરનું ધમધમતું ગોડાઉન જેસીબીથી તોડી પાડવામાં આવ્યું હતું. બૌડાની કામગીરીને લઈ ગેરકાયદે દબાણ અને બાંધકામ કરનારાં તત્ત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

## બારડોલીમાં MAS-BGKT સુપર ફાસ્ટ એક્સપ્રેસના સ્ટોપેજની માંગ

**રાજસ્થાન** સેવા સંગઠને રેલવે મંત્રીને આવેદનપત્ર પાઠવ્યું



બારડોલી: બારડોલીમાં વસતા હજારો પ્રવાસી રાજસ્થાનીઓ અને અન્ય મુસાફરોની સુવિધા માટે રાજસ્થાન સેવા સંગઠન, બારડોલી દ્વારા એક મહત્ત્વપૂર્ણ કદમ ઉઠાવવામાં આવ્યું છે. સંગઠન દ્વારા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને વેસ્ટર્ન રેલવેના મંડળ રેલ પ્રબંધકને સંબોધીને એક આવેદનપત્ર બારડોલી સ્ટેશન અધિક્ષક તેમજ સ્થાનિક ધારાસભ્ય ઈશ્વર પરમાર અને સાંસદને સોંપવામાં આવ્યું છે. આ આવેદનપત્રમાં બારડોલી રેલવે સ્ટેશન પર ટ્રેન નંબર 20625 (UP) અને 20626 (DOWN) MAS BGKT SF એક્સપ્રેસ (ચેન્નાઈ-ભગત કી કોઠી સુપરફાસ્ટ એક્સપ્રેસ)ના સ્ટોપેજની ઉગ્ર માંગ કરવામાં આવી છે.

સંગઠને પોતાના પત્રમાં જણાવ્યું છે કે, બારડોલી, કડોદરા અને તેની આસપાસના વિસ્તારોમાં લગભગ ૧૮,૦૦૦થી ૨૦,૦૦૦ રાજસ્થાની પરિવારો વસવાટ કરે છે. આ ઉપરાંત અહીં આવેલી સેંકડો ફેક્ટરીઓમાં મોટી સંખ્યામાં પરપ્રાંતીય કર્મચારીઓ અને મજૂરો પણ કામ કરે છે. વર્તમાન સમયમાં આ તમામ લોકોને લાંબા અંતરની રેલવે મુસાફરી માટે સુરત શહેરના ઉધના સ્ટેશન સુધી લંબાવવું પડે છે. આવેદનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ ટ્રેન નંદુરબાર (મહારાષ્ટ્ર)થી સીધી ઉધના ખાતે જ ઊભી રહે છે, જેથી બારડોલીમાં તેનું સ્ટોપેજ અત્યંત આવશ્યક છે. જો બારડોલીમાં આ ટ્રેનનું સ્ટોપેજ સુનિશ્ચિત થશે, તો હજારો લોકોના સમયની બચત થશે અને તેમનો આર્થિક ખર્ચ પણ ઘટશે. આની સાથે જ વ્યારા, માંડવી, સોનગઢ, ઉકાઈ, વાલોડ અને મહુવા જેવા આસપાસના અનેક નગરોના રહીશોને પણ તેનો સીધો લાભ મળી શકશે.

બારડોલી સ્ટેશન અધિક્ષકને આ આવેદનપત્ર આપતી વખતે સંસ્થાના પ્રમુખ મોહનસિંહ રાઠોડ, સંસ્થાના પૂર્વ પ્રમુખ અને જનતા ક્રેડિટ સોસાયટીના ચેરમેન નિરંજનભાઈ મિસ્ત્રી, સંસ્થાના પૂર્વ ઉપપ્રમુખ અને વૈભવ લક્ષ્મી ક્રેડિટ સોસાયટીના ચેરમેન હીરાભાઈ શાહ, સંસ્થાના ઉપપ્રમુખ જ્ઞાનચંદ ગુર્જર, દિલીપભાઈ રાજપુરોહિત, વરિષ્ઠ અગ્રણી મહાવીરભાઈ બનારસ, રમેશભાઈ પુરોહિત, બાબુસિંહ સમદડી, તકજીભાઈ પ્રજાપત, કિશોરસિંહ મોટા, સોનુભાઈ રાયકા, નિતેશ ચંડાલિયા, અમિત પટેલ, સુરેશ બાવતરા, ભવાનીસિંહ પરિહાર, શેખાવત ભાઈ, ભરત પુરોહિત, મોતીભાઈ પટેલ, ભંવરલાલ ટેલર, મોતીલાલ માળી, મશરાજી ઓડવારા સહિત મોટી સંખ્યામાં ગણમાન્ય લોકો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.



## સાબુટીમાં ૬ વર્ષથી શાળાનાં બાળકો કોમ્યુનિટી હોલમાં ભણવા 'મજબૂર'

**તંત્રનાં** ઠાલાં આશ્વાસનોથી ગ્રામજનોમાં ભારે રોષ



ચિકદા: ચિકદાના સાબુટી ગામમાં શાળા બિલ્ડિંગના અભાવે લગભગ છ વર્ષથી મર્યાદિત કોમ્યુનિટી હોલમાં બેસીને બાળકોને અભ્યાસ કરવાનો વારો આવ્યો છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર બાલવાટિકા સહિત ધોરણ 1થી 8નાં આશરે 114 બાળકો આ જગ્યામાં અભ્યાસ કરી રહ્યાં છે.

ગ્રામજનોએ જણાવ્યું હતું કે, વર્ષ 2021-22 દરમિયાન જૂનું શાળા મકાન તોડી પાડવામાં આવ્યું હતું. નવા મકાનનું કામ હજુ સુધી પૂર્ણ ન થતાં બાળકોને હાલ ઉપલબ્ધ મર્યાદિત જગ્યામાં અભ્યાસ કરવો પડી રહ્યો છે. હાલ શાળા પરિસરમાં બે ઓરડા હોવાની માહિતી છે. તેમાંથી એક ઓરડામાં ઓફિસ અને શાળાનો સામાન હોવાથી બાળકો માટે વાસ્તવમાં એક જ ઓરડો ઉપલબ્ધ રહેતો હોવાનો ગ્રામજનોનો આક્ષેપ છે.

તેઓએ જણાવ્યું હતું કે, 2024ની લોકસભા ચૂંટણી દરમિયાન પણ શાળા મકાનના પ્રશ્નને લઈ ચૂંટણી બહિષ્કારની ચીમકી આપવામાં આવી હતી. તે સમયે તંત્ર અને રાજકીય આગેવાનો દ્વારા ચર્ચા કરી ચૂંટણી આચારસંહિતા પૂર્ણ થયા બાદ જરૂરી પ્રક્રિયા હાથ ધરવાની ખાતરી આપવામાં આવી હતી.

ગ્રામજનોનો આક્ષેપ છે કે, શાળા મકાન અંગે રજૂઆત કરવામાં આવે ત્યારે ટેન્ડરિંગની પ્રક્રિયા ચાલી રહી હોવાનું જણાવવામાં આવે છે. જો ખરેખર ટેન્ડરિંગની પ્રક્રિયા ચાલી રહી હોય તો તેની સમયમર્યાદા અને વર્તમાન સ્થિતિ જાહેર કરવામાં આવે તેવી માંગ ગ્રામજનોએ ઉઠાવી છે.

## રાજપીપળામાં ભંગાર પડેલી કારમાંથી દારૂ મળી આવ્યો

રાજપીપળા: રાજપીપળા ટાઉનમાં પોલીસ દરોડા દરમિયાન એક ભંગાર કારમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો છે. આ મામલે રાજપીપળા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ કિરણભાઈ મુકેશભાઈની ફરિયાદના આધારે ગુનો નોંધવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ ૨૧ સપ્ટેમ્બરના રોજ પોલીસ સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે, રાજપીપળાના ટેકરા ફળિયામાં નવી પાણીની ટાંકી સામે ખુલ્લામાં પડેલી એક જૂની અને ભંગાર હાલતની મારુતિ સુઝુકી ફ્રંટી કારમાં ગેરકાયદે દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ જોઈને સ્થાનિક રહીશ કરણ ઉર્ફે કડુ રાજુભાઈ વસાવા નામનો શખ્સ સ્થળ પરથી ભાગી છૂટ્યો હતો. પોલીસે ભંગાર ગાડીની તલાશી લેતાં તેમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની ૩૫ કાચની બોટલો (કિંમત ૨૮,૫૨૦), ૯ ટીન બિયર (કિંમત ૧,૨૯૬) અને ૧૪૪ પ્લાસ્ટિકના ક્વાર્ટર (કિંમત ૨૭,૬૪૮) મળી કુલ રૂ.૫૭,૪૬૪ની મતાનો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે સમગ્ર કાર્યવાહીનું પંચનામું કરી, ઈ-સાક્ષ્ય એપ્લિકેશન દ્વારા વિડીયોગ્રાફી હાથ ધરી હતી. ફરાર આરોપી કરણ વસાવા સામે ગુનો નોંધી, એ.એસ.આઈ. અલ્પેશભાઈ શાંતિલાલ બારીઆએ આગળની તપાસ હાથ ધરી છે.

## હાંસોટ પંથકમાં વાતાવરણમાં પલટા બાદ વરસાદ

અંકલેશ્વર: હાંસોટ પંથકમાં મંગળવારે સવારથી ગરમી અને બફારા બાદ અચાનક વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. આકાશમાં વાદળો ઘેરાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ૧૨ કલાકમાં એક માત્ર હાંસોટ તાલુકામાં ૯ મીમી વરસાદ ખાબક્યો હતો. હાંસોટ તાલુકાના ઈલાવ, સાહોલ, બાલોતા, સુણેવ અને આસરમા સહિતનાં ગામોમાં વરસાદ નોંધાયો હતો. કેટલાક વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ વરસતા રસ્તા ભીના થયા હતા અને ગરમીથી લોકોને રાહત મળી હતી. વરસાદી માહોલ સર્જાતાં ગ્રામ્ય વિસ્તારોમાં ઠંડક પ્રસરી હતી.

## દેલાડ ગામે બાઈકની ચોરી

સાયણ: દેલાડની સીમમાં રામકિશન કોલોનીમાં રહેતી રાધાબેન રાઠોડની રૂ.૯૮,૦૦૦ ની કિંમતની મોટરસાઈકલ નં.(GJ-05-UN-3707) ચોરાઈ ગઈ હતી. ગત ૧૩ સપ્ટેમ્બરે તેમના પતિ અજય રાઠોડે આ બાઈક પોતાની ચિકન સેન્ટરની દુકાન બહાર પાર્ક કરી હતી, જ્યાંથી અજાણ્યો તસ્કર તેની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. શોધખોળ છતાં બાઈક ન મળતાં, રાધાબેને ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પીએસઆઈ પી.પી.ચાવડાએ વધુ તપાસ હાથ ધરી છે.

## રાજપીપળામાં દારૂની હેરાફેરી કરતો સગીર ઝડપાયો

રાજપીપળા: રાજપીપળા પોલીસે બાતમીના આધારે ટેકરા ફળિયા ખાતેથી એક કાળા કલરની બજાજ પલ્સર મોટરસાઇકલ નં.(GJ-34-Q-3564) પર વિદેશી દારૂની હેરાફેરી કરતા ૧૭ વર્ષના એક કિશોરને ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે તપાસ હાથ ધરતાં મોટરસાયકલ પર રહેલા થેલામાંથી રૂ.૭૪,૭૫૦ની કિંમતનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે રૂ.૭૫,૦૦૦ની કિંમતની મોટરસાઇકલ અને દારૂ મળી કુલ રૂ.૧,૪૯,૭૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પૂછપરછ દરમિયાન સામે આવ્યું કે, આ દારૂનો જથ્થો રાજપીપળાના કરણ ઉર્ફે કડુ રાજુભાઈ વસાવાએ મંગાવ્યો હતો. પોલીસે કિશોરની અટકાયત કરી છે અને મંગાવનાર વોન્ટેડ આરોપી સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## અંકલેશ્વર એસટી ડેપોમાં નિઃશુલ્ક આંખ તપાસ કેમ્પ યોજાયો

અંકલેશ્વર: અંકલેશ્વર શહેર એસટી ડેપો ખાતે "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત ત્રિનેત્ર આઈ સેન્ટર, અંકલેશ્વરના સહયોગથી નિઃશુલ્ક આંખ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન ત્રિનેત્ર આઈ સેન્ટરના નિષ્ણાત તબીબો દ્વારા એસટી ડેપોના ડ્રાઈવર, કંડક્ટર, વહીવટી સ્ટાફ સહિત તમામ કર્મચારીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી.




### જાહેર નોટીસ

અમો એડવોકેટ મનિષકુમાર પી. જોષી, અંકલેશ્વરના તે અમારા અસીલ સંદિપ લાભુભાઈ ઝડફીયા, હાલ રહે. ૧૧૧/૧૧૨, ગુરૂનગર સોસાયટી, વરાછા રોડ, બરોડા પ્રેસ્ટીજ સામે, સુરત સીટી, જિ. સુરતનાઓની સુચના અને ફરમાઈશ અન્વયે આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડી. ભરૂચ, સબ ડી. તા. હાંસોટના મોજે ગામ: ઓભાની સીમમાં નીચે મુજબની જુ.શ.ની ખેતીની જમીનો આવેલ છે.

| ક્રમ નં. | ખાતા નંબર | બ્લોક/સર્વે નં. | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. | આકાર રૂ. પૈસા. |
|---|---|---|---|---|
| ૧ | ૮૫૮ | નવો નં.: ૫૫૦ જેનો જુનો નં.: ૧૨૫૬ | ૦-૦૪-૦૨ | ૦.૫૦ |
| ૨ | ૮૫૮ | નવો નં.: ૫૫૨ જેનો જુનો નં.: ૧૨૫૩ | ૦-૦૩-૦૬ | ૦.૪૫ |
| ૩ | ૮૫૮ | નવો નં.: ૫૫૩ જેનો જુનો નં.: ૧૨૫૪ | ૦-૦૯-૦૨ | ૧.૧૫ |
| ૪ | ૮૫૮ | નવો નં.: ૫૫૪ જેનો જુનો નં.: ૧૨૫૧ | ૦-૦૩-૦૦ | ૦.૪૫ |

ઉપરોક્ત ખેતીની જમીનો મહેન્દ્રસિંહ રણજીતસિંહ પરમારના સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની આવેલ છે. જે જમીનો અમારા અસીલ જમીન માલિક પાસેથી ખરીદ કરનાર હોવાથી, સદર નોટીસથી જણાવવામાં આવે છે કે, સદર જમીનો ઉપર જમીન માલિક સિવાય અન્ય કોઈપણ વ્યક્તિ, મંડળીઓ કે સંસ્થા કે કોઈના પણ કોઈપણ પ્રકારના લાગ, ભાગ, હકક હીસ્સો, હીત સંબંધ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તે અંગેના પુરાવા સાથેની લેખિત જાણ અમોને અથવા અમારા અસીલને કરવી. સદર મુદતમાં તે અંગેની જાણ કરવામાં નહી આવે તો કોઈના પણ સદર જમીનોમાં કોઈપણ પ્રકારના લાગ, ભાગ, હકક, હીસ્સો, હીત, સંબંધ વિગેરે નથી, તેમ માની અથવા તેવા તમામ હકકો સ્વૈચ્છીક રીતે છોડી દીધેલ છે, તેમ માની અમારા અસીલ સદર જમીનોનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. અને ત્યારબાદ કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. જેની ખાસ નોંધ લેશો.

અસીલની સુચનાથી
સ્થળ:- અંકલેશ્વર
તા.: ૨૨/૦૯/૨૦૨૬

મારી મારફતે,
**મનિષકુમાર પી. જોષી** (એડવોકેટ અને નોટરી)
૪૦, અમરદિપ સોસાયટી, જી.ઈ.બી.ઓફિસ પાસે, ઓ.એન.જી.સી. ઓવરબ્રીજ નીચે, મુ.પો.:-અંકલેશ્વર, તા.:-અંકલેશ્વર, જિ.:-ભરૂચ-૩૯૩૦૦૧ મો.નં.:-૯૨૬૫૫૯૭૩૦

